# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, "પશ્ચિમ ગુજરાત વીજ સેવા સદન"
નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
**CIN: U40102GJ2003SGC042908**; ફોન: (૦૨૮૧) ૨૩૮૦૪૨૫/૨૭; ફેક્સ: ૨૩૮૦૪૨૮;
**Email:** info.pgvcl@gebmail.com; **Web site:** www.pgvcl.com


નિગમીત કચેરી, લક્ષ્મીનગર, નાના મવા મેઈન રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૪ માટે એક ટેકસી પાસીંગ ડીઝલ (એ.સી.) હોન્ડા સીટી કાર અથવા સમકક્ષ કાર ૨૪ કલાક માટે ડીઝલ અને ડ્રાઈવર સાથે ટેન્ડર ખુલ્યા તારીખ થી ૦૨ (બે) વર્ષથી જુનું ન હોય તેવું ૦૧ (એક) વાહન ભાડે રાખવા માટે સબંધિત ઠેકેદારો પાસે થી સીલબંધ કરવામાં ભાવો મંગાવવામાં આવે છે.

## ટેન્ડર અંગેની માહિતી

| ક્રમ | વિગત | |
|---|---|---|
| ૧ | ટેન્ડરની અંદાજીત રકમ | ₹ ૧૩,૦૦,૦૦૦/- |
| ૨ | ટેન્ડરનો સમયગાળો | ૦૨ (બે) વર્ષ |
| ૩ | ટેન્ડર ફી ની રકમ ( પરત ન મળવા પાત્ર ) | ₹ ૧,૦૦૦.૦૦ + ૧૮૦.૦૦ (૧૮ % GST) = ₹ ૧,૧૮૦/- |
| ૪ | ટેન્ડરના બાનાની રકમ ( E.M.D. ) | ₹ ૧૩,૦૦૦/- |
| ૫ | ટેન્ડર ઓન લાઈન ભરવાની છેલ્લી તારીખ અને સમય | તા. ૧૮-૦૨-૨૦૧૯, ૧૮:૦૦ કલાક સુધી |
| ૬ | ટેન્ડર ફી ની રકમ અને બાનાની રકમ E.M.D. સહીત ટેન્ડર મોકલવાની છેલ્લી તારીખ અને સમય | તા. ૨૦-૦૨-૨૦૧૯, ૧૮:૦૦ કલાક સુધી |
| ૭ | પ્રીલીમીનીરી બીડ ખોલવાની તારીખ અને સમય | તા. ૨૧-૦૨-૨૦૧૯, ૧૧:૦૦ કલાકે |
| ૮ | ટેન્ડરના પ્રાઈઝ બીડ ઓન લાઈન ખોલવાની તારીખ અને સમય (જો શકય હશે તો) | તા. ૨૨-૦૨-૨૦૧૯, ૧૧:૦૦ કલાકે |
| ૯ | ટેન્ડરની સિક્યુરીટી ડીપોઝીટની રકમ ( ટેન્ડર મંજુર થયેલ માટે ) | ₹ ૬૫,૦૦૦/- |

# ટેન્ડર ભરવા માટેની અગત્યની સુચના

- ટેન્ડર ફીની રકમ અને બાનાની રકમ **(E.M.D.)** બેંન્કના ડીમાન્ડ ડ્રાફ્ટ પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ, રાજકોટ ના તરફેણમાં મોકલવાના રહેશે.
- ટેન્ડર માત્ર **R.P.AD. Post** અથવા **Speed Post** થી મોકલવાના રહેશે. અન્ય રીતથી મોકલેલ ટેન્ડર રદ થવા પાત્ર છે. કોઈપણ કિસ્સામાં ભૌતિક સ્વરૂપમાં ઑફર્સ સ્વીકારવામાં આવશે નહીં.
- ટેન્ડર કવર ઉપર ટેન્ડરનું નામ અને ટેન્ડર નંબર દર્શાવવાનું ફરજીયાત છે. ટેન્ડરનું નામ અને ટેન્ડર નંબર દર્શાવ્યા વગરના ટેન્ડર રદ થવા પાત્ર છે.
- અધુરી વિગત સાથેનું ટેન્ડર, ટેન્ડર ફી ની રકમ અને બાનાની રકમ ( **E.M.D.** ) ડીમાંડ ડ્રાફટ વગરનું ટેન્ડર રદ થવા પાત્ર છે.
- ટેન્ડર મોકલવાની છેલ્લી તારીખ અને સમય પછીના મળેલ ટેન્ડર રદ થવા પાત્ર છે. ટેન્ડર ફીની રકમ પરત મળવા પાત્ર નથી ( **Non Refundable** ).
- મંજુર થયેલને ટેન્ડર માટે ₹ ૬૫,૦૦૦/- ડીપોઝીટ રકમ બેન્કના ડીમાન્ડ ડ્રાફ્ટ થી પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ, રાજકોટ ના તરફેણમાં ઓર્ડર મળ્યા પહેલા ભરવાના રહેશે.
- ટેન્ડર અંગેની માહિતીમાં જણાવેલ તારીખ સુધીમાં આવેલ ટેન્ડરો દર્શાવેલ તારીખે ખોલવામાં આવશે.
- ટેન્ડરની વેલીડીટીની મુદ્દત ૧૨૦ દિવસની રહેશે.
- પીજીવીસીએલ કોઇપણ કે બધા ટેન્ડર કોઇપણ કારણ દર્શાવ્યા વગર રદ કરવાની અબાધિત સત્તા રાખે છે.
- ઠેકેદાર **http://pgvcl.nprocure.com** (for view, download and online submission) અને **www.pgvcl.com** (for view & download only) વેબસાઇટ પરથી ટેન્ડર દસ્તાવેજ ડાઉનલોડ કરી શકે છે.
- ઠેકેદારએ Technical bid (જો હોય તો) અને Price Bid સુપરત કરવાની છેલ્લી તારીખ અને સમય સુધી માત્ર nprocure વેબસાઇટ પર ઇલેક્ટ્રોનિક ફોર્મેટમાં ભરવાની રહેશે.
- ન્યાયક્ષેત્ર રાજકોટ ખાતે રહેશે.
- ટેન્ડર તથા શરતોના કાગળોમાં દરેક પેઇઝ પર સહી કરી કવરમાં સીલ બંધ પેક કરી, જરૂરી દસ્તાવેજો સાથે અત્રેની કચેરીને રજીસ્ટર પોસ્ટ એ.ડી. / સ્પીડ પોસ્ટ થી પહોંચાડવાનું રહેશે.
- સિલ બંધ કવર ઉપર "ટેન્ડર નંબર *૮૯* પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, નિગમીત કચેરી, રાજકોટ માટે વાહન ભાડે રાખવા માટેનું ટેન્ડર" લખી નીચેના સરનામે ટેન્ડરમા જણાવેલ તારીખ સુધીમાં મોકલી આપવાના રહેશે.

**વિશેષ મુખ્ય ઇજેનરશ્રી ,(ટેક)**
**પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**
**રજી. અને કોર્પોરેટ ઓફિસ, "પશ્ચિમ ગુજરાત વીજ સેવા સદન"**
**નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪.**

## *ટેન્ડર રજુ કરવાની અરજી ( શેડયુલ – 'એ' )*

નામ .......................................................

સરનામુ .......................................................

.......................................................

.......................................................

પીન કોડ .......................................................

મો .......................................................

તા .......................................................

પ્રતિશ્રી, વિશેષ મુખ્ય ઇજનેરશ્રી ,(ટેક)
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રજી. અને કોર્પોરેટ ઓફિસ, "પશ્ચિમ ગુજરાત વીજ સેવા સદન",
નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪.

વિષય : ૨૪ કલાક માટે હોન્ડા સીટી કાર અથવા સમકક્ષ ડીઝલ (એ.સી.) ભાડાની ગાડી નુ ટેન્ડર નં .૮૯ .સ્વીકારવા બાબત.

જય ભારત સાથ જણાવવાનુકે ઉપરોકત સરનામે રહુ છુઅને આપની કચેરી દ્વારા માંગવામાં આવેલ ગાડી ભાડે . .આપવા માંગુ છુઆ સાથે નીચે મુજબના દસ્તાવેજો બીડેલ છે.

--- ટેન્ડર ભરનારના નામનાં ટેક્ષી પાસીંગ વાહનની આર.સી. બુકની નકલ, વીમોની નકલ, PUC અથવા નવા વાહન ખરીદવાનું કોટેશન.
--- ગુડસ એન્ડ સર્વિસ ટેક્ષ રજીસ્ટ્રેશન ની નકલ અથવા બાહેધરી પત્ર
--- ટેન્ડર ફી ભર્યા નો ડીમાન્ડ ડ્રાફટ : બેંક ........................ ડ્રાફટ / રસીદ નંબર ...................... તા ....................
--- ઈ.એમ.ડી. ભર્યા નો ડીમાન્ડ ડ્રાફટ : બેંક ..................... ડ્રાફટ / રસીદ નંબર ...................... તા ...................

આ ઉપરાંત અમો બાહેંધરી આપીએ છીએ કે અમો જીયુવીએનએલ અને તેની કોઈપણ પેટા કંપની દ્વારા સ્ટોપ ડીલ/ બ્લેક લીસ્ટ થયેલ નથી. ટેન્ડર મંજુર થશે તો દિન-૬૦માં ટેન્ડરની શરતોને આધીન ભાડાની ગાડી આપવાની બાહેધરી આપુ છુ, જો એમ કરવામાં નિષ્ફળ જાવ તો મારી EMDની રકમ જપ્ત કરી, Stop Deal / Black List પણ કરી શકાય છે. ટેન્ડરની કોમર્શીયલ ટર્મ & કંડીશન (શેડયુલ – 'સી') ની શરતો મેં વાંચી છે, સમજી છે અને મને બંધનકર્તા રહેશે.
ઉપરોકત બાબતો ધ્યાને લઇ મારૂં ટેન્ડર સ્વીકારવા નમ્ર વિનંતી.

આપનો વિશ્વાસુ

.............................................

## *: ગુડસ એન્ડ સર્વિસ ટેક્ષ નું બાહેધરી પત્ર :*

આથી હું નીચે સહી કરનાર ........................................................................... ધર્મે ......... ઉ.વ. આશરે ....... નીગમતી કચેરી ખાતે ટેકસી પાસીંગ કારનું ટેન્ડર માંગેલ છે. જેમાં ગુડસ એન્ડ સર્વિસ ટેક્ષ રજીસ્ટ્રેશનની નકલ માંગેલ છે. પરતું ગુડસ એન્ડ સર્વિસ ટેક્ષનાં નિયમોએ આધીન મારે ગુડસ એન્ડ સર્વિસ ટેક્ષનું રજીસ્ટ્રેશન લાગુ પડતું નથી. અને જો ભવિષ્યમાં લાગુ પડશે તો રજીસ્ટ્રેશન કરાવી લઇશ તેવી બાહેધરી આપું છું. અને આ અંગેની તમામ જવાબદારી મારી રહશે.

આપનો વિશ્વાસુ

.............................................

# <u>ભાવ પત્રક</u> : <u>શેડયુલ – ‘બી’</u>

## પીજીવીસીએલ, નિગમીત કચેરી, રાજકોટ માટે ૨૪ કલાક માટે એક ડીઝલ (એ.સી.) હોન્ડા સીટી કાર અથવા સમકક્ષ કાર ભાડે રાખવા બાબત
## નિવેદા નંબર : ૮૯

| ક્રમાંક | કામની વિગત | કંપનીનો માન્ય ભાવ પ્રતિ એક ગાડી માટે રૂ. = પૈસા |
|---|---|---|
| (૧) | રાજકોટ શહેરમાં અથવા ગુજરાત રાજયમાં જરૂરીયાત મુજબ ૩૦૦૦ કિલોમીટરની મર્યાદાની મુસાફરીનું માસીક ભાડુ | ૪૫૦૦૦=૦૦ |
| (૨) | માસીક ૩૦૦૦ કિલોમીટરની મર્યાદાથી વધારે મુસાફરી માટેનુ કિલોમીટર દીઠ ભાડુ | ૦૮=૫૦ |

નોંધ :

1) ક્રમાંક નંબર ૦૧ નો ભાવ લોવેસ્ટ બીડર તરીકે ગણવામાં આવશે.
2) કંપનીનો માન્ય ભાવ, ડીઝલનાં રૂ, ૭૩.૦૦ પ્રતિ લીટરના ભાવ અનુસારના છે. ડીઝલનાં ભાવમાં વધારા / ઘટાડા ની રકમ નાં ૮ % લેખે પ્રતિ કિમી વધારાના ચુકવવા / વસુલવામાં આવશે.
3) નાઈટ હોલ્ટનાં અલગથી ચાર્જ ચુકવવામાં આવશે નહિ.
4) શરતી ભાવ સ્વીકાર્ય નથી.
5) ઓર્ડરની સમયમર્યાદા ૨૪ (ચોવીસ) માસની અથવા તો ઓર્ડરની કિંમત મુજબની મર્યાદામાં બે માંથી જે વહેલા પુરૂ થશે તે ગણતરીમાં લેવામાં આવશે.

## નિવેદા નંબર : ૮૯ કોમર્શીયલ ટર્મ & કંડીશન ( શેડયુલ – 'સી' )

### નિગમીત કચેરી, રાજકોટ માટે ૨૪ કલાક માટે એક ડીઝલ (એ.સી.) હોન્ડા સીટી કાર અથવા સમકક્ષ કાર ભાડે રાખવા બાબત

1 ઓર્ડરની સમયમર્યાદા ૨૪(ચોવીસ) માસની અથવા તો ઓર્ડરની કિંમત મુજબની મર્યાદામાં બે માંથી જે વહેલા પુરૂ થશે તે ગણતરીમાં લેવામાં આવશે.

2 પીજીવીસીએલ અને એજન્સીની સંમતિથી (મૂળ વર્ક ઓર્ડરના ભાવ અને શરતો ને આધીન) વર્ક ઓર્ડર વાહનનાં મોડલની પાંચ વર્ષની મર્યાદામાં રહીને વધુમાં વધુ ૫ વર્ષ સુધી લંબાવવામાં આવશે, અથવા વર્ક ઓર્ડરની બાકીની રકમ પૂરતી વધારાની સમય મર્યાદા આપવામાં આવશે.

3 જે વાહન આપના તરફથી આપવામાં આવે તે વાહન પ્રાદેશીક વાહન અધિકારીની કચેરી ની પ્રથમ નોંધણીની તારીખ થી ટેન્ડર ખોલવાની તારીખે બે (૦૨) વર્ષ થી જુનું ન હોવું જોઇએ.

4 ભાડે આપેલ વાહનનું આર.ટી.ઓ.માં ટેક્ષી પાસીંગ તરીકે પબ્લીક વપરાશ માટે ટેક્ષી કવોટામાં રજીસ્ટ્રેશન થયેલ હોવુ જરૂરી છે. એ સીવાયનુ કોઇપણ પાસીંગ માન્ય નહી ગણાય. આ બધા ઓરીજીનલ દસ્તાવેજો વાહનની સાથે રાખવાના રહેશે. જે વાહનના ભાવ તથા પેપર્સ આપેલા હશે તેજ વાહન આપવાનુ રહેશે.

5 વાહનનો વીમો, પોલ્યુશન કંટ્રોલ સર્ટીફીકેટ, આર.ટી.ઓ., ટેક્ષી પાસીંગ, પીયુસી, પ્રોવીડન્ડ ફંડની નકલ, ગુડસ & સર્વીસ ટેક્ષ રજીસ્ટ્રેશન, લાયસન્સ અંગેની તેમજ તમામ પ્રકારની સરકારી કાયદાકીય જવાબદારી કોન્ટ્રાકટરની એટલે કે વાહન ભાડે આપનારની રહેશે.

6 વાહનમાં આર.ટી.ઓ. પાસીંગ પ્રમાણેની સીટીંગ કેપેસીટીનો વાહનમાં બેસનારનો સંપૂણપણે વિમો કવર થાય તે મુજબ "કોમ્પ્રેહેન્સીવ" વિમાની પોલીસી લેવાની રહેશે. તેની પ્રમાણીત કોપી એન્જીનીયર ઇન્ચાર્જને રજુ કરવાની રહેશે. પોલીસીની મુદત કોન્ટ્રાકટ સમય દરમ્યાન પુરી થતી હોય તો તે સમયસર રીન્યુ કરવાની જવાબદારી ઉભી થશે તો તે વાહન ભાડે આપનારની રહેશે. જેની નકલ તુરતજ રજુ કરવાની રહેશે.

7 મુસાફરી દરમ્યાન વાહનને કે તેમાં બેઠેલા પીજીવીસીએલનાં સ્ટાફને કે ત્રાહિતહિતને નુકશાનકર્તા કોઈપણ જાતનો અકસ્માત થશે તો તેની તમામ પ્રકારની આર્થીક અને કાયદાકીય જવાબદારી કોંન્ટ્રાકટરની રહેશે, જે બદલ કોંન્ટ્રાકટરે ઈન્ડેમ્નીટી બોન્ડ કરી આપવાનું રહેશે અને જરૂરી વિમો લેવાનો રહેશે.

8 કોન્ટ્રાકટરે તેનો પી.એફ.નંબર આપવાનો રહેશે અથવા રૂ. ૧૦૦/- નાં સ્ટેમ્પ પેપર ઉપર કુલમુખત્યારનામું સરકારના માન્ય નોટરી દ્વારા રજુ કરવાનું રહશે.

9 ધારાધોરણ મુજબ જો લાગુ પડતો હોય તો ગુડસ એન્ડ સર્વિસ ટેક્ષ અલગથી ચુકવવામાં આવશે તેમજ ટેક્ષ નોંધણીનું સર્ટીફીકેટ રજુ કરવાનું રહેશે. જો આ ટેક્ષ અલગથી દર્શાવેલ નહી હોય તો ભરવાપાત્ર થતો નથી તેવુ બાંહેધરી પત્રક રજુ કરવાનું રહેશે. સરકારી પ્રવર્તમાન અથવા ભવિષ્યમાં લાગુ પડતા તમામ ટેક્ષ/વેરાની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.

10 કામગીરી સમગ્ર ગુજરાતમાં જયાં જણાવે તે પ્રમાણે કરવાની રહેશે.

11 વાહનમાં પુરતું ડીઝલ તથા મુસાફરી દરમિયાન ડીઝલ / ટોલ ટેક્ષનાં નાંણા, રહેવા / જમવાના નાંણા ડ્રાઈવર પાસે હોવા જરૂરી છે.

12 સામાન્ય રીતે કામગીરીનો સમય ચોવીસ કલાકનો જરૂરીયાત પ્રમાણે રહેશે. આ અંગે નીયમ અનુસાર (કામના કલાકો અનુલક્ષીને) વાહન માટે જરૂરીયાત મુજબના ડ્રાઇવરની વ્યવસ્થા કોન્ટ્રાકટરે કરવાની રહેશે. તેની પાસે જરૂરી લાયસન્સ તથા બેઇઝ ધરાવતા હોવા જોઇએ. જેની પ્રમાણીત નકલ અત્રેની ઓફીસે રજુ કરવાની રહેશે. અને કોંન્ટ્રાકટ સમય દરમ્યાન તે વેલીડ હોવું જોઈએ. અન્યથા કોઈપણ પ્રકારની જવાબદારી ઉભી  થશે તો તે વાહન ભાડે આપનાર ની રહેશે.

13 વાહનના ડ્રાઈવરનો પગાર ખર્ચ, ભથ્થું તેમજ મોબાઇલ તમામ ખર્ચ કોન્ટ્રાકટરે જ ભોગવવાનો રહેશે. સીયુજી મોબાઇલ રાખવાનો ઇચ્છનીય રહેશે અને તે સતત ૨૪ કલાક ચાલુ રાખવાનો રહેશે. ડ્રાઇવરની ઉંમર ૪૦ વર્ષથી નીચી ઇચ્છનીય છે. ડ્રાઇવરે કોઇપણ જાતનો કેફી પદાર્થ નું સેવન કરવાનું નથી તેમજ સાથે રાખવાનાં નથી.

14 વાહનનો ઉપયોગ ઓફીસરની સુચના પ્રમાણે કરવાનો રહેશે. ડ્રાઇવરે દરેક વ્યકિત સાથે સભ્યતાથી વર્તવાનું રહેશે. ગેરવર્તુણંકનો રીપોર્ટ થયેથી તાત્કાલીક અસરથી નોટીસ આપ્યા વગર ગમે ત્યારે કોન્ટ્રાકટ રદ બાતલ કરવામાં આવશે, જે અંગે કોન્ટ્રાકટર કોઇ વાંધો ઉઠાવી શકશે નહી.

15 વાહન સંપૂર્ણ પણે ચાલુ સ્થિતીમાં, સ્વચ્છ અને સુઘડ રાખવાનુ રહેશે. તથા વાહન સાથે જરૂરી વધારાની આઇટમ જેમકે સ્પેર વ્હીલ, જેક, વી-બેલ્ટ, ફયુઝ વિગેરે રાખવાના રહેશે. ઉપરોકત કલમ ભંગ થયે રૂ. ૧૦૦.૦૦ ની પેનેલ્ટી + GST પેટે દર વખતે ચુકવવાના રહેશે. ત્રણ વખતે કે વધુવાર પેનેલ્ટી થયે તાત્કાલીક અસરથી નોટીસ આપ્યા વગર કોન્ટ્રાકટ રદ બાતલ કરવામાં આવશે, જે અંગે કોન્ટ્રાકટર કોઇ વાંધો ઉઠાવી શકશે નહી.

16 બહારગામ વિઝીટ દરમીયાન અધિકારીની સુચના પ્રમાણે જે તે સમયે અને સ્થળે હાજર થવાનુ રહેશે. ઉપરોકત કલમ ભંગ થયે રૂ. ૧૦.૦૦ પ્રતિ મોળા પડેલ મીનીટ (ન્યનત્તમ રૂ. ૧૦૦.૦૦ અને મહત્તમ રૂ ૫૦૦.૦૦) ની પેનેલ્ટી + GST પેટે દર વખતે ચુકવવાના રહેશે. ત્રણ વખતે કે વધુવાર પેનેલ્ટી થયે ઓર્ડર તાત્કાલીક અસરથી નોટીસ આપ્યા વગર કોન્ટ્રાકટ રદ બાતલ કરવામાં આવશે, જે અંગે કોન્ટ્રાકટર કોઇ વાંધો ઉઠાવી શકશે નહી.

17 બહારગામ વિઝીટ દરમ્યાન અચાનક વાહન બગડે તો કોંન્ટ્રાકટરે પોતાના ખર્ચે જે તે જગ્યાએ નવા વાહનની તાત્કાલીક વ્યવસ્થા કરી આપવાની રહેશે અને તે માટેની સુચના ડ્રાઈવરને આપવાની રહેશે.અને તે વાહન ટેક્ષી પાસીંગ ધરાવતું હોવું જોઈએ. તેમજ જરૂરી વિમો, પોલ્યુશન સર્ટીફીકેટ ધરાવતું હોવું જોઈએ અને આ બાબતની સંપુર્ણ જવાબદારી વાહન ભાડે આપનારની જ રહેશે.

18 સંજોગોવશાત તમો કોઈપણ દિવસ માટે વાહન આપવામાં નિષ્ફળ જશો તો તે દિવસે તમારે વૈકલ્પિક વ્યવસ્થા કરી આપવાની રહેશે. અન્યથા તમારા ખર્ચે અને જોખમે બજાર ભાવે વાહન ભાડે કરવામાં આવશે. અને જે ખર્ચ તમારા ખાતે લગાડવામાં આવશે.

19 કોઇપણ મુસાફરીની શરુઆત (કિલોમીટર) કોર્પોરેટ ઓફીસથી અને મુસાફરીનો અંત (કિલોમીટર) પણ કોર્પોરેટ ઓફીસ સુધી ગણાશે.

20 વાહનના ડીઝલ / બળતણ / લુબ્રીકન્ટસનો ખર્ચ અને તમામ પ્રકારનાં રીપેરીંગનો ખર્ચ કોંન્ટ્રાકટરે ભોગવવાનો રહેશે. ઓર્ડરમાં દર્શાવેલ ચુકવણાથી વધારાનું કોઈ ચુકવણું કરવા પાત્ર રહેતું નથી.

21 પ્રીન્ટેડ બીલ દર મહીને ત્રણ નકલમાં એન્જીનીયર ઇન્ચાર્જને રજુ કરવાનું રહેશે, પેમેન્ટ દર મહીને એકાઉન્ટ પેયી ચેકથી જ એડવાન્સ રસીદની સામે કરવામાં આવશે.

22 કોંન્ટ્રાકટરે વાહનની લોગબુક રોજેરોજ લખવાની રહેશે તથા જે તે અધિકારીની મુસાફરી માટે તેમાં કિલોમીટર રીડીંગ સાથે અધિકારીની સહી લેવાની જવાબદારી કોંન્ટ્રાકટરની રહેશે અને તેની ચાર નકલ દર માસે બિલ સાથે રજુ કરવાની રહેશે.

23 વાહનની કિલોમીટર ચેઈન જે દિવસે બંધ હશે તેને તાત્કાલીક રીપેર કરી ચાલુ કરવાની રહેશે. અન્યથા અધિકારીના સર્ટીફીકેટ મુજબના કિલોમીટર માન્ય રહેશે.

24 ટોલ ટેક્ષ પહોંચ રજુ કર્યે અલગથી ચુકવવામાં આવશે. ટોલ ટેક્ષની પાવતી ઉપર સાથે મુસાફરી કરનાર અધિકારી પાસે એપ્રુવ્ઠ કરાવવાનું રહેશે અને તેના નાંણા જે તે મહીનાના બીલ સાથે ઓરીજીનલ પહોંચ રજુ કરી માંગણી કરવાની રહેશે જે બીલ સાથે ચુકવી આપવામાં આવશે.

25 ટેન્ડરમાં મંજુર થયેલ ભાવ ડીઝલનાં ૭૩.૦૦ રૂપિયા પ્રતિ લીટર મુજબના રહેશે. પ્રતિ માસની ૧લી તારીખનાં ડીઝલના ભાવ અને રૂ. ૭૩.૦૦ નાં તફાવત ની રકમનાં ૮ % લેખે પ્રતિ કિમીએ ચુકવવામાં / વસુલવામાં આવશે.

26 જરૂર જણાયે આ જ દરે વધુ વ્હીકલ એજન્સીએ મોકલવાનું રહેશે.

27 ભાડાનું વાહન “પુલ સીસ્ટમ” માં વિશેષ મુખ્ય ઇજનેર (ટેક) અથવા સક્ષમ અધિકારી દ્વારા ફાળવેલ અધિકારી હેઠળ રહેશે અને તેઓની સુચનાને જ અનુસરવાનું રહેશે.

28 દરરોજના રીડીંગ વાહન ઇન ચાર્જ અધિકારીશ્રીને સંપૂર્ણ વિગત સાથે રૂબરૂ આપવાના રહેશે.

29 ટેન્ડર મંજુર થયે દિન-૬૦ માં વાહન પૂરું પાડવાનું રહેશે. અન્યથા કંપનીનાં નિયમાનુસાર EMD / Deposite જપ્ત કરવા, Stop Deal / Black List કરવા વગેરે કાર્યવાહી કરવામાં આવશે.

30 ઓર્ડરની સમયમર્યાદામાં કોન્ટ્રાકટર કોઈપણ સંજોગોમાં વાહન પૂરૂ ન પાડતા ઓર્ડર રદ કરશો તો કંપનીનાં નિયમાનુસાર EMD / Deposite જપ્ત કરવા, Stop Deal / Black List કરવા વગેરે કાર્યવાહી કરવામાં આવશે.

31 પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી. દ્વારા ગમે ત્યારે નોટીસ આપ્યા સીવાય ઓર્ડર રદ કરવામાં આવશે. જેનાં માટે કોન્ટ્રાકટર કોઇ વાંધો ઉઠાવી શકશે નહીં.

32 કોઇપણ મતભેદ ઉપસ્થિત થાય તો નીચે સહી કરનારનો નિર્ણય આખરી અને કોન્ટ્રાકટરને બંધનકર્તા રહેશે.

33 શેડયુલ – બી માં દર્શાવેલ ભાવ ફયુલ ચાર્જ તેમજ બધાજ ટેકસ, સમારકામ, રીપેરિંગ, કોંન્ટ્રાકટરનાં ડ્રાઈવર, એજન્ટનાં પગાર વગેરે સહિતના છે.

34 GST સરકારના નિયમાનુસાર ચુકવવામાં આવશે, તેમ જ IT / GST / TDS સરકારના નિયમાનુસાર કાપવામાં આવશે

35 ન્યાયક્ષેત્ર રાજકોટ રહેશે.

વિશેષ મુખ્ય ઇજનેર(ટેક)
પીજીવીસીએલ, રાજકોટ